EDII

Sandesh

June 05, 2019
Page No. 3
of City Life

### EDIIનાં ૨૦માં પદવીદાન સમારંભમાં ૯૨ સ્ટુડન્ટ્સને ડિપ્લોમાની ડિગ્રી એનાયત કરવામાં આવી

# વૈશ્વિક આર્થિક પ્રવૃત્તિનાં એન્જિનનો શ્રેય ઉદ્યોગસાહસિકતાને જાય છે: ક્રિસ ગોપાલક્રિષ્નન



આંત્રપ્રિન્યોર ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયામાં ૨૦મો વાર્ષિક પદવીદાન સમારંભ યોજાયો. આ સમારંભમાં કુલ ૯૨ વિદ્યાર્થીઓને ડિપ્લોમાની ડિગ્રી એનાયત થઈ હતી. પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા પ્રોગ્રામ - બિઝનેસ આંત્રપ્રિન્યોરશિપમાં ૭૯ વિદ્યાર્થીઓ અને ફેલો પ્રોગ્રામ ઈન મેનેજમેન્ટમાં ૨ વિદ્યાર્થીઓને ડિપ્લોમાની ડિગ્રી એનાયત થઈ હતી.

ઈવેન્ટનાં મુખ્ય અતિથિ પદ્મભૂષણ ક્રિસ ગોપાલક્રિષ્નન હતા. જેઓ ઈન્ફોસિસનાં સહ-સ્થાપક અને એક્સિલર વેન્ચરનાં ચેરમેન છે. તેમણે ઉદ્યોગસાહસિકતાનાં વિજ્ઞાન અને કળા પર પોતાની ઉપયોગી જાણકારી વહેંચી હતી. વૈશ્વિક આર્થિક પ્રવૃત્તિનાં એન્જિનનો શ્રેય ઉદ્યોગસાહસિકતાને જાય છે એવો અભિપ્રાય વ્યક્તિ કરીને ત્રણ મુખ્ય લાભ જણાવ્યા હતા. ઉત્પાદકતામાં વધારો, નવીનતામાં વધારો અને રોજગારીનું સર્જન.